- પ્રભુ, આ યોગ્ય નથી! તમારા શિષ્યો-સાધકો તમારી સામે ખુરસીમાં બેસે એ શોભતું નથી ! સાદડી કે શેતરંજી હોય તો વધુ સારું. તમે ખુરસીમાં બેસો અને બીજા બધા તમારી સામે નીચે બેસી શકે.

એમણે સહેજ સ્મિત કર્યું અને ચૂપ રહ્યા. બે દિવસ પછી મેં જોયું કે ખુરસીઓ ન હતી અને શેતરંજી પાથરેલી હતી.

*

એક દિવસ મેં પૂછ્યું

- પ્રભુ, બધા તમને એ.જી. કરીને કેમ બોલાવે છે ?

- કોણ એ.જી. કહે છે ?

- બધા સાધકો એ પ્રમાણે બોલે છે, મેં પોતે સાંભળ્યું છે.

સાત આઠ દિવસ પછી નોટીસ બોર્ડ ઉપર લખેલું હતું:

'શ્રી અરવિન્દ'

મને કહેવામાં આવ્યું કે શ્રી માતાજીએ એ નામ આપ્યું હતું.

અને મેં ઊંડો સંતોષ અનુભવ્યો.

*

ઑક્ટોબર મહિનો ચાલુ હતો. મારા રોજના સવારના દર્શન સમયે મેં પૂછ્યું:

- પ્રભુ! દર વર્ષે આ સમયે હું મહાષ્ટમીની પૂજા કરું છું. આ વખતે શું કરું ? કલકત્તા પાછી જાઉં ?

- કેમ અહીં પૂજા ન થાય?

- હા થઈ શકે, શિવ-દુર્ગાની પૂજા થઈ શકે. જો હું તમારી અને શ્રી માતાજીની પૂજા કરી શકું તો મારે અહીંથી જવાની જરૂર ન રહે.

- ભલે, તમે એમ કરી શકો છો.

મહાષ્ટમીના દિવસે, બાજુ બાજુએ ગોઠવેલી બે ખુરસીમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજી આવીને બેઠાં. મારી નિયમિત અર્પણવિધિ પ્રમાણે મેં એમની પૂજા કરી, બંનેના ગળામાં માળા પહેરાવી. જાણે શિવ અને પાર્વતી મારી પૂજા સ્વીકારવા પૃથ્વી ઉપર આવ્યાં હતાં! વાતાવરણ અલૌકિક અવર્ણનીય હતું! મારી પોતાની આંતરિક અવસ્થા તો શબ્દોની પાર હતી!

પૂજા પૂરી થઈ. શ્રી અરવિન્દ ઊભા થઈ ચાલી ગયા.

બીજી સવારે એમણે પૂછ્યું:

- હવે તમારે જવું છે ? તમે તમારી પૂજા કરી લીધી !

- પ્રભુ! આવી અનન્ય પૂજા મારી કલ્પનામાં ક્યારેય ન હતી !

— જયાદેવી

From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • December 2018

Prosperity

શ્રી માતાજીની

સિદ્ધિ-રિદ્ધિ

**2018**
**DECEMBER**
૧ ડિસેમ્બર, ૨૦૧૮

## — Sublime Splendour —

## ——— ઝળઝળ ભવ્યતા ———

**2/2 ... ૨/૨**

**[ In June 1926, Jayadevi and her younger brother Dr. Upendra Banerjee came from Kolkata to Pondicherry to have the Darshan of Sri Aurobindo. After her first Darshan, Jayadevi stayed on for almost five months. Here, in our Prosperity of November and December, we shall give for our readers in Jayadevi's own words some selected eventful happenings. - Editor**

**૧૯૨૬ના જૂન મહિનામાં કલકત્તાનાં જયાદેવી એમના નાના ભાઈ ડૉ. ઉપેન્દ્ર બેનરજી સાથે પોંડિચેરી આવ્યાં. બીજે દિવસે સવારે શ્રી અરવિન્દને પહેલીવાર મળ્યા પછી એમને લગભગ ૫ મહિના શ્રી અરવિન્દની નિકટતામાં રહેવાનું થયું. એમના લેખમાંથી થોડાક પ્રસંગો નવેમ્બર અને ડિસેમ્બર મહિનાની પ્રોસ્પેરીટીમાં મૂકીએ છીએ - તંત્રીના મુક્ત અનુવાદમાં. ]**

I used to visit him every day. He would make me sit near him and listen to everything carefully. After four or five days I asked A.G.:

- Why are these chairs here?

- They are for people who listen to my talks and practise meditation. They sit in these chairs.

Somehow I didn't like the idea. So I said:

- Lord, this doesn't look proper. That the sadhaks, your disciples, should be sitting in the chairs along with you doesn't look nice. Better to have mats or carpets on the floor. While you sit in the chair, the rest can sit below.

He only smiled a little and kept quiet. Two days later, I noticed that the chairs had been removed and a durree spread out on the floor.

*

In those days the Ashram was less crowded and I used to go and see him every day. One day I asked him:

- Lord, why do they call you A.G.?

- A.G.? Who says A.G.? he counter-questioned.

- These sadhaks speak like that, I have heard it.

Then he said, with a smile:

- Well, it's a good idea of yours.

Seven or eight days later, I found on the notice-board:

" Sri Aurobindo "

I was told the Mother had given that name. This made me rather happy.

*

It was in the month of Asvin (October) in 1926. At the time of Sri Aurobindo's morning darshan I said:

- Lord, the month of Asvin is here. Every year I celebrate Mahastami puja. I am wondering what to do now, shall I return home or what?"

- Why, won't there be puja here? he asked.

- Yes, it's possible: the worship of Shiva-Durga. If I can perform your worship and the Mother's, then perhaps I need not go from here. That is why I am wondering…

- Well, you can do that.

On the day of Mahastami Sri Aurobindo and the Mother sat in two chairs placed side by side. With my usual offering I performed the puja. I put garlands round both of them. Oh, it was as if Shiva and Durga had come down to accept the worship! It is impossible to describe all that I felt. It was ineffable, beyond thought. After the puja he left the room. The next day he asked:

- You have to go now? You have done your puja !

- Yes, my Lord; it was a puja such as I had never dreamed of.

- Well, well, he said.

- Jayadevi

**કલકત્તામાં** રહેતાં જયાદેવીને રામેશ્વરમ્ જવાની ઇચ્છા થઈ. નાનાભાઈ ડો. ઉપેન્દ્રનાથ બેનરજીને જણાવતાં ભાઈ કહે 'આપણે પોંડિચેરી જઈએ. ત્યાં તને મહાપુરુષ એ. જી. નાં દર્શન થશે.

૧૯૨૬ના જૂન મહિનામાં તેઓ પોંડિચેરી આવ્યાં. બીજે દિવસે સવારના આઠ વાગ્યાની આસપાસ એ.જી. ને મળવા જયાદેવી દાદરો ચડીને ઉપર ગયાં. શું દૃશ્ય! ચારે બાજુથી પ્રકાશનાં વહેણ ધસી રહ્યાં હતાં. એ.જી. એક ખુરસીમાં બેસી છાપું વાંચી રહ્યા હતા. એમની સામે બીજી ખુરસીઓ ગોઠવાયેલી હતી. જયાદેવી એમની ખુરસીનો પાયો પકડી જમીન ઉપર બેસી ગયાં. એ. જી. એ પૂછયું - કયાંથી આવ્યાં છો ?

- જી, અમે કલકત્તાથી આવ્યાં છીએ.

- આવવાનું કેવી રીતે બન્યું ?

- મારે રામેશ્વરમ્ જવું હતું. પણ મારા ભાઈ ઉપેન્દ્રે કહ્યું 'આપણે પોંડિચેરી જઈએ તો ત્યાં તને મહાપુરુષ એ.જી. નાં દર્શન થશે, અને તું એમને મળી પણ શકીશ.' મેં હા પાડી, અને ગઈકાલે અમે પોંડિચેરી આવી ગયાં. આજે હું અહીં તમારા દર્શન માટે આવી છું.

- રામેશ્વરમ્ નથી જવું ?

- ના હવે હું ત્યાં નહિ જાઉં. જીવંત રામેશ્વરને જોયા પછી મારે પથ્થરની પ્રતિમા જોવાની કોઈ ઇચ્છા નથી.

- તો, આ માનવ રામેશ્વર જેને તમે હવે જોયા, એમનામાં તમને શ્રદ્ધા છે ?

- હા મને પૂરી શ્રદ્ધા છે.

જવાબ સાંભળી એમણે પોતાના બંને હાથ મારા માથા પર મૂકયા અને કોમળતાથી બોલ્યા

- તો તમે અહીં રહી શકો છો.

- હું ત્રણ મહિનાની તૈયારી કરીને આવી છું. એથી લાંબું હું કેવી રીતે રહું ?

… …

કલકત્તા પાછાં ન જાઓ તો સારું છે. અહીં રહો અને જુઓ પરિસ્થિતિ કેવી ગોઠવાય છે.

*

ત્યાર પછી હું રોજ સવારે એમના દર્શન કરવા ઉપર જતી. તેઓ મને એમની પાસે બેસાડતા અને હું જે કહું તે બધું એકાગ્રતાથી સાંભળતા. ચાર પાંચ દિવસ પછી મેં પૂછયું

- પ્રભુ, આ ખુરસીઓ અહીં કેમ છે ?

- જે બધા મને સાંભળવા અને મારી સાથે ધ્યાન કરવા આવે છે તેઓ આ ખુરસીમાં બેસે છે.

કોઈ કારણસર મને આ ગોઠવણી ન ગમી, અને મેં કહ્યું: